GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps
Industries & Factories
Commercial & Residential Buildings
Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com
41

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ આઠમ ગુરુવાર ૨૦ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૪ પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# E20 માટે શેરડી ઈથેનોલમાં વળતાં ખાંડના ભાવ વધ્યા

**દેશભરમાં** સરેરાશ ભાવ રૂ. 52.3 પ્રતિ કિલો

**તહેવારો** પહેલાં ખાંડની અછત ટાળવા આયાત ડ્યૂટી ઘટાડવા અને વેપારીઓના સ્ટોક પર મર્યાદા અંગે વિચારણા

**નવી દિલ્હી, તા. 19:** ભારતમાં ખાંડનું બજાર અસામાન્ય સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. ખેતરોમાં પૂરતો શેરડીનો પાક હોવા છતાં અને ખાંડની સ્થાનિક ઉપલબ્ધતા જાળવવા સરકારે નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં ખાંડના ભાવ રેકોર્ડ સપાટીએ પહોંચી ગયા છે. તેનું મુખ્ય કારણ શેરડીનો મોટો હિસ્સો ઈથેનોલ ઉત્પાદનમાં વાળવામાં આવતો હોવાનું નિષ્ણાતો માને છે. સરકાર હવે ખાંડની આયાત માટે તેના પર લાગતી 100 ટકા આયાત ડ્યૂટી દૂર કરવા વિચારી રહી છે.

મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં જથ્થાબંધ ખાંડના ભાવ ઓગસ્ટની શરૂઆતથી લગભગ 20% વધીને 100 કિલો દીઠ રેકોર્ડ રૂ. 5,350 થયા છે. મંગળવારે દેશભરમાં ખાંડનો સરેરાશ છૂટક ભાવ રૂ. 52.3 પ્રતિ કિલો હતો. પંજાબમાં ભાવ લગભગ રૂ. 65 અને મુંબઈ, ભોપાલ સહિત કેટલાક બજારોમાં રૂ. 58-63 પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે.

ગણેશ ચતુર્થી, દશેરા અને દિવાળી નજીક હોવાથી સરકાર ચિંતિત છે. 2025-26માં પાકના રોગને કારણે ખાસ કરીને ઉત્તરપ્રદેશમાં શેરડીની ઉત્પાદકતા અને ખાંડની રિકવરી ઘટી છે. બીજી તરફ, E20 લક્ષ્ય હાંસલ કરવા શેરડીને ઈથેનોલ તરફ વાળવામાં આવી રહી છે.

સરકારે 13 મેના રોજ ખાંડની નિકાસ પર 30 સપ્ટેમ્બર સુધી પ્રતિબંધ મૂક્યો હતો. હવે સ્થાનિક પુરવઠો વધારવા આયાત ડ્યૂટી ઘટાડવા અને મોટા વેપારીઓ પાસે ખાંડના જથ્થા પર મર્યાદા મૂકવા વિચારણા થઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલાં જ મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને ખાદ્ય સુરક્ષા અને ઈંધણની જરૂરિયાત વચ્ચે સંતુલન જાળવવા E20થી આગળ ન વધવાની સલાહ આપી છે.

## અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવું બનશે વધુ મુશ્કેલ

**સરકારી** સહાય કે મેડિકેડ લેનારા ઈમિગ્રન્ટ્સની અરજીઓ ફગાવી શકાશે

**ગ્રીન** કાર્ડની રાહ જોઈ રહેલા હજારો ભારતીયોને અસર થવાની ભીતિ

**વોશિંગ્ટન, તા. 19 (PTI):** અમેરિકામાં ગ્રીન કાર્ડ અથવા કાયમી રહેઠાણ મેળવવા ઈચ્છતા ઈમિગ્રન્ટ્સ માટે 18 સપ્ટેમ્બરથી મુશ્કેલીઓ વધી શકે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે 'પબ્લિક ચાર્જ' નિયમનો વ્યાપ વધાર્યો છે. આ નવા નિયમ હેઠળ સરકારી યોજનાઓ જેવી કે મેડિકેડ, ફૂડ સ્ટેમ્પ્સ અથવા કોઈપણ પ્રકારની સરકારી નાણાકીય સહાય લેનારા અરજદારોનું ગ્રીન કાર્ડ નકારી શકાશે.

યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) દ્વારા આ નવો નિયમ 18 સપ્ટેમ્બરથી અમલી બનશે, જેની અસર ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા હજારો ભારતીયો પર પણ પડશે.

અગાઉના નિયમોમાં માત્ર રોકડ સહાય કે લાંબા ગાળાના સરકારી ખર્ચે સારવાર લેનારાઓને જ ગ્રીન કાર્ડ માટે અયોગ્ય ગણવામાં આવતા હતા. પરંતુ હવે નવો નિયમ લાગુ થતાં અધિકારીઓ અરજદારની ઉંમર, સ્વાસ્થ્ય, કૌટુંબિક સ્થિતિ, આર્થિક બેકગ્રાઉન્ડ, શિક્ષણ અને તેના પર નિર્ભર પરિજનો દ્વારા લેવાયેલા સરકારી લાભોને પણ ધ્યાનમાં લેશે. બાઈડન પ્રશાસનના 2022ના નિયમોને રદ્દ કરીને આ નવો નિર્ણય લેવાયો છે, જે 18 સપ્ટેમ્બર પછી સબમિટ થનારી તમામ I-485 અરજીઓને લાગુ પડશે. જો અધિકારીને લાગશે કે અરજદાર ભવિષ્યમાં સરકાર પર બોજ બની શકે છે, તો તેને પબ્લિક ચાર્જ બોન્ડ ભરવા માટે કહી શકાય છે. એક અનુમાન મુજબ આ કડક નિયમના ડરથી 14 લાખથી 41 લાખ લોકો સરકારી આરોગ્ય યોજનાઓમાંથી પોતાના નામ પાછા ખેંચી શકે છે. જોકે શરણાર્થીઓ, માનવ તસ્કરીના પીડિતો અને અમુક ખાસ વર્ગના અરજદારોને આ નિયમમાંથી મુક્તિ આપવામાં આવી છે. વર્ષ 2023માં ગ્રીન કાર્ડ મેળવનારા 12 લાખ લોકોમાંથી આશરે 78,100 (7 ટકા) ભારતીયો હતા.

## મધ્ય પ્રદેશમાં રખડતા શ્વાનના ત્રાસ સામે અનોખો વિરોધ



**કલેક્ટર** કચેરીએ શ્વાનનું માસ્ક પહેરી પહોંચ્યો યુવક

**નસબંધીના** રૂ. 40 લાખના ખર્ચ સામે સવાલ ઉઠાવી વિપક્ષી નેતાની અનોખી રજૂઆત; કલેક્ટરે તપાસ સમિતિની આપી ખાતરી

**ભોપાલ, તા. 19 (PTI):** મધ્યપ્રદેશના ખંડવામાં કલેક્ટરેટ ખાતે યોજાયેલી જન સુનાવણીમાં એક વ્યક્તિ શ્વાનનું માસ્ક પહેરીને આવી ગયો હતો. અસલમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષના નેતા દીપક 'મુલ્લુ' રાઠોડરે રખડતા કૂતરાઓની સમસ્યા અને કૂતરાઓની નસબંધીના અભિયાનમાં કથિત ગેરરીતિ સામે અનોખી રીતે રજૂઆત કરી હતી.

રાઠોડરે જાહેર સુનાવણીમાં શ્વાનનો માસ્ક પહેરેલા વ્યક્તિને સાથે લાવી રજૂઆત કરી હતી અને કહ્યું કે છેલ્લા 4 વર્ષમાં ખંડવામાં 13,225 લોકોને કૂતરાએ કરડ્યા છે. આ જ સમયગાળામાં શ્વાનોની નસબંધીના નામે રૂ. 40 લાખથી વધુ ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં રખડતા કૂતરાઓની સંખ્યા વધી રહી છે.

વિરોધ દરમિયાન રાઠોડરે માસ્ક પહેરેલા વ્યક્તિને કૂતરા તરીકે રજૂ કર્યો અને કથિત ભ્રષ્ટાચાર સામે સવાલ ઉઠાવ્યા. તેમણે દાવો કર્યો કે 'શ્વાનની' નસબંધી થઈ હોવા છતાં તે 6 ગલૂડિયાંનો પિતા બની ગયો છે. આથી નસબંધી અભિયાન ખરેખર થયું છે કે નહીં તેની તપાસ કરવાની માગ કરી. રાઠોડરે કહ્યું કે ફરિયાદ નહીં સાંભળવામાં આવે તો આ 'શ્વાન' નગરપાલિકા સામે માનહાનિનો કેસ કરશે. તેમણે તેને 'ખૂબ શિક્ષિત અને બુદ્ધિશાળી' ગણાવી કહ્યું કે તેણે હાથ જોડીને અધિકારીઓ સમક્ષ ફરિયાદ રજૂ કરી છે. અધિક કલેક્ટર કાશીરામ બડોલેએ ફરિયાદ સાંભળ્યા બાદ તપાસ માટે સમિતિ બનાવવાની અને યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી.

### દિલ્હી ડાયરી

**પીએમ કેયર્સ ફંડઃ ઘટતું દાન, રેકોર્ડ ક્લોઝિંગ બેલેન્સ**

પીએમ કેયર્સ ફંડમાં કુલ યોગદાનમાં સરેરાશ ઘટાડો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તે ઘટીને રૂ.૪૭૯.૯૬ કરોડ પર આવી ગયું છે. જોકે, ખર્ચ ઘટીને પાંચ વર્ષના નીચલા સ્તરે એટલે કે રૂ.૮૭.૮૫ લાખ થઈ જતાં તેનું ક્લોઝિંગ બેલેન્સ રૂ.૮,૪૫૨.૦૬ કરોડની ઓલ-ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયું છે.

પીએમ કેયર્સ ફંડ પોર્ટલ પર ઉપલબ્ધ તાજેતરની રસીદ અને ચુકવણી ખાતા (ઓડિટેડ) સ્ટેટમેન્ટ અનુસાર, કુલ યોગદાનમાંથી દેશનું દાન રૂ.૪૭૯.૦૪ કરોડ અને વિદેશી દાન આશરે રૂ.૯૨ લાખ રહ્યું છે. ફંડને વ્યાજની આવક તરીકે રૂ.૪૭૫.૧૪ કરોડ (ફિક્સ ડિપોઝિટમાંથી રૂ.૪૬૯.૩૭ કરોડ અને નિયમિત ખાતાઓમાંથી રૂ.૫.૭૬ કરોડ), બેંકોમાંથી ફિક્સ ડિપોઝિટના વ્યાજ પર ટીડીએસના રિફંડ તરીકે આશરે રૂ.૧૩.૪૯ લાખ અને 'અમલીકરણ યોજનાઓમાંથી રિફંડ' તરીકે રૂ.૩૨૪.૬૫ કરોડ મળ્યા છે.

ફંડમાં યોગદાન ૨૦૨૦-૨૧માં સૌથી વધુ હતું, જે વર્ષે કોવિડની બીજી લહેરનો પ્રકોપ જોવા મળ્યો હતો. તે સમયે દેશનું દાન તરીકે રૂ.૭,૧૮૩.૭૭ કરોડ અને વિદેશી દાન તરીકે રૂ.૪૯૪.૯૩ કરોડ પ્રાપ્ત થયા હતા. પીએમ કેયર્સ ફંડ નોંધણી અધિનિયમ, ૧૯૦૮ હેઠળ જાહેર ચેરિટેબલ ટ્રસ્ટ તરીકે નોંધાયેલ છે.

**જગદીપ ધનખડની જાહેર જીવનમાં વાપસી**

...અનુસંધાન પાના 11 પર

## NTAમાં સુધારા કાગળ પર નહીં પણ સંસ્થાકીય હોવા જોઈએ: સુપ્રીમ કોર્ટ

**સ્પર્ધાત્મક** પરીક્ષાઓની સુરક્ષા અને પારદર્શિતા માટે કેન્દ્ર સરકારે 21 દિવસમાં જવાબ રજૂ કરવો પડશે

**કોર્ટે** રાધાકૃષ્ણન અને નિલેકણી સમિતિની ભલામણોના અમલનો રિપોર્ટ માગ્યો રાધાકૃષ્ણન કમિટીએ કુલ 101 ભલામણો રજૂ કરી હતી

**NTAને** મજબૂત અને સ્વાયત્ત સંસ્થા બનાવવા સુપ્રીમ કોર્ટનું કડક વલણ

**નવી દિલ્હી, તા. 19 (PTI):** સુપ્રીમ કોર્ટે બુધવારે મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યું હતું કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)માં સુધારાને સંસ્થાકીય રૂપ આપવું જરૂરી છે. સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને રાધાકૃષ્ણન સમિતિ અને નંદન નિલેકણી સમિતિની ભલામણો અમલમાં મૂકવા માટે લેવાયેલા પગલાં અંગે માહિતી આપવા માટે નિર્દેશ આપ્યો છે.

જસ્ટિસ પી એસ નરસિમ્હા અને જસ્ટિસ અલોક અરાધેની બેન્ચે કહ્યું હતું કે નેશનલ ટેસ્ટિંગ એજન્સીમાં સુધારા માત્ર કાગળ પર રહેવા જોઈએ નહીં પરંતુ તેને સંસ્થાકીય

...અનુસંધાન પાના 11 પર

### સરકારે કહ્યું નીટ પરીક્ષાની વર્તમાન પદ્ધતિ સંપૂર્ણપણે સુરક્ષિત

સુનાવણીની શરૂઆતમાં કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને NEET પરીક્ષા માટે પ્રશ્નપત્ર છાપવાથી લઈને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા સુધીની સમગ્ર સુરક્ષા પ્રક્રિયા સમજાવી હતી. તુષાર મહેતાએ સ્પષ્ટતા કરી હતી કે પ્રશ્નપત્ર તૈયાર કરવા માટે ઘણા મોડરેટર્સને એક વિષયના આશરે 500 પ્રશ્નોની પ્રશ્ન બેંક બનાવવા માટે કહેવામાં આવે છે, જેથી કોઈ એક વ્યક્તિ નક્કી ન કરી શકે કે પેપરમાં કયા 100 પ્રશ્નો આવશે. બાદમાં 100-100 પ્રશ્નો પસંદ કરીને 4 અલગ-અલગ પેપર સેટ તૈયાર કરાય છે. તેમાંથી કયું આખરી પેપર હશે તે માત્ર NTAના મહાનિદેશક (DG) નક્કી કરે છે. આ સિવાય પ્રશ્નપત્રો CISFની દેખરેખ હેઠળ અને સીસીટીવી કેમેરાની નજર હેઠળ ખાસ ચિહ્નિત પ્રિન્ટર્સ પાસે મોકલવામાં આવે છે. પ્રિન્ટરને પણ ખબર નથી હોતી કે આ પેપર કઈ પરીક્ષાનું છે. જીપીએસ ટ્રેકિંગ અને પોલીસ રક્ષણ હેઠળ તેને બેંકના સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવે છે. પેપર લઈ જનાર વ્યક્તિ પાસે ડિજિટલ ચાવી હોય છે, પરંતુ બોક્સ ખોલવાનો સિક્રેટ કોડ તેની પાસે નથી હોતો. આ કોડ માત્ર NTA મહાનિદેશકની મંજૂરીથી જ આપવામાં આવે છે. પેપરો એવા લોખંડના બોક્સમાં રખાય છે જેને એકવાર બંધ કર્યા

### સુપ્રીમે UPSCનો દાખલો આપ્યો

અદાલતે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)નું ઉદાહરણ આપતાં કડક સુધારાઓ કરવા કહ્યું હતું. કોર્ટે કહ્યું કે સમય જતાં સતત પરીક્ષાઓ યોજીને UPSCએ એક સંસ્થાકીય ક્ષમતા અને અનુભવ પ્રાપ્ત કર્યો છે. પરીક્ષા યોજતી સંસ્થાએ પોતાની જાતને સતત અપગ્રેડ કરવી જોઈએ અને એક મજબૂત સંસ્થા બનવું જોઈએ. કોર્ટે NTAને સલાહ આપી છે કે નવી ટેકનોલોજી સમજી શકે તેવા અધિકારીઓનો ટીમમાં સમાવેશ કરવો જોઈએ અને અનુભવી અધિકારીઓની વારંવાર થતી બદલીઓથી બચવું જોઈએ. સુપ્રીમ કોર્ટે ત્રણ મહિના પછી ફરી એકવાર દોહરાવ્યું કે NTAએ UPSC જેવું

...અનુસંધાન પાના 11 પર

## અરૂણાચલ સરહદે ચીનની ગતિવિધિ વધી હોવાનું સરકારે સ્વીકાર્યું

**નવી દિલ્હી, તા. 19:** અરુણાચલ પ્રદેશ સરહદે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) દ્વારા ઘૂસણખોરી અને 60 કિ.મી. અંદર પ્રવેશ કરી લીધાના દાવાઓને કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ સ્પષ્ટપણે ફગાવી દીધા છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે આ અહેવાલોને ખોટા ગણાવતા કહ્યું કે, ભારત-ચીન સીમાનો મુદ્દો અત્યંત ગંભીર અને સંવેદનશીલ છે. આ વિષય પર ખોટી માહિતી કે અફવાઓ ન ફેલાવવી જોઈએ. તેમણે ઉમેર્યું કે, ઊંચાઈવાળા વિસ્તારોમાં ચીની સેનાની ગતિવિધિઓ ચોક્કસપણે વધી છે અને તેના પર ગામલોકોની ચિંતા ગંભીરતાથી લેવા જેવી છે.

પરંતુ ચીન 60 કિ.મી. અંદર ઘૂસી આવ્યું હોવાના દાવા કરવા અને બાંગ્લાદેશ કે અન્ય જગ્યાઓના અસંબંધિત ફોટો-વિડિયો વાયરલ કરવા તદ્દન ખોટી વાત છે. આવી અફવાઓ ફેલાવવાથી સરહદે તૈનાત ભારતીય સેના અને આઈટીબીપી (ITBP) ના જવાનોનું મનોબળ તૂટે છે અને દેશમાં ભ્રમ ઊભો થાય છે.

કેન્દ્રીય મંત્રીએ સરહદની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરતા સ્વીકાર્યું હતું કે, અરુણાચલ પ્રદેશમાં ભારત અને ચીન વચ્ચે ખૂબ લાંબી સીમા છે, પણ ત્યાં સરહદનું કોઈ સ્પષ્ટ રેખાંકન થયું નથી કે સીમાચિહ્નો (pillars) નથી. આ સીમા અંગેનો વિવાદ નવો નથી.

### પોલીસ ભરતીની ખુશીની પાર્ટી બની મોતની મહેફિલ

## ભાવનગરમાં લઠ્ઠાકાંડની આશંકા, પાંચના મોત, 20 ગંભીર

**ઉજ્જૈનથી** આવેલી ૨૮ પેટી 'રોયલ સ્ટેગ'ની બોટલોમાં ભેળસેળનો ઘટસ્ફોટ

**૧૫ પેટી જપ્ત,** ૧૩ની શોધખોળ, મુખ્ય સપ્લાયર સહિત ૧૩ શખ્સ પોલીસની ઝપટમાં

**ગાંધીનગરઃ** ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ખરકડી ગામે નકલી વિદેશી દારૂના સેવનથી સર્જાયેલી ઘટનાએ લઠ્ઠાકાંડની દહેશત જગાવી છે. પોલીસ ભરતીમાં પસંદગીની ખુશીમાં યોજાયેલી દારૂની પાર્ટી બાદ એક પછી એક લોકોની તબિયત લથડતાં અત્યાર સુધીમાં ચાર મોતની પુષ્ટિ અને વધુ એક મોત શંકાસ્પદ હોવાનું સામે આવ્યું છે, જ્યારે ૨૦થી વધુ લોકો સારવાર હેઠળ છે. ઘટનાની

...અનુસંધાન પાના 11 પર

### ૨૦થી વધુ લોકો સારવાર હેઠળ, કેટલાક ગંભીર

નકલી દારૂના સેવન બાદ અસરગ્રસ્તોમાં ચક્કર આવવા, ઊલટી થવી, દૃષ્ટિ ધૂંધળી થવી સહિતની તકલીફો જોવા મળી હોવાનું તબીબી સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. હાલ ભાવનગરની સરકારી તથા ખાનગી હોસ્પિટલોમાં ૨૦થી વધુ લોકો સારવાર હેઠળ છે. તેમાં કેટલાક દર્દીઓની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. બે

...અનુસંધાન પાના 11 પર

### ૧૩ શખ્સો રાઉન્ડઅપ, ૧૬ ટીમ તપાસમાં

ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક નીતેશ પાંડેના માર્ગદર્શન હેઠળ એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસની ૧૬ ટીમો બનાવી તપાસ શરૂ કરવામાં આવી છે. મુખ્ય સપ્લાયર ગૌતમ સોલંકી સહિત અત્યાર સુધીમાં ૧૩ શખ્સને રાઉન્ડઅપ કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા તેમની પૂછપરછ કરીને નકલી દારૂની સમગ્ર સપ્લાય ચેઇન

...અનુસંધાન પાના 11 પર

## જેન ઝી સાથે જોડાવા મોદી રોજ એક કેન્દ્રીય મંત્રીને એક યુનિવર્સિટીમાં મોકલશે

**મનસુખ** માંડવિયા અને પ્રહલાદ જોશીને સોંપાઈ જવાબદારી

**નવી દિલ્હી, તા. 19 (PTI):** જેન ઝી (યુવા પેઢી) સુધી પહોંચવાના એક મોટા પ્રયાસરૂપે મોદી સરકાર દેશની યુવા પેઢી સાથે જોડાવા, તેમની ચિંતાઓ પર ચર્ચા કરવા અને દેશ સામેના મુદ્દાઓ પર તેમના દૃષ્ટિકોણને વધુ સારી રીતે સમજવા માટે દરરોજ એક કેન્દ્રીય મંત્રીને એક યુનિવર્સિટીમાં મોકલવાનું આયોજન કરી રહી છે.

આ પહેલ દિલ્હીના જંતર-મંતર ખાતે અને દેશના અન્ય ભાગોમાં નીટ પેપર લીક મુદ્દે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓના આંદોલનની પૃષ્ઠભૂમિમાં આવી છે.

આ પહેલથી વાકેફ સ્ત્રોતોએ જણાવ્યું હતું કે, 'વન ડે, વન યુનિવર્સિટી' (એક દિવસ, એક યુનિવર્સિટી) કાર્યક્રમ હેઠળ, એક કેન્દ્રીય મંત્રી ફાળવેલ યુનિવર્સિટીની મુલાકાત લેશે જેથી તેઓ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરી શકે, વિવિધ વિષયો પર તેમના વિચારો સાંભળી શકે અને તેમને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓ માટેની યોજનાઓ વિશે માહિતગાર કરી શકે.

એવું જાણવા મળ્યું છે કે, શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી અને યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાને આ મુલાકાતો માટે યુનિવર્સિટીઓ અને મંત્રીઓ સાથે સંકલન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં પણ આ આયોજિત પહેલ પર ચર્ચા કરવામાં આવી હતી. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) અનુસાર, દેશમાં 1,300 જેટલી યુનિવર્સિટીઓ છે, જેમાં 57 કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને 522 રાજ્ય યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય કાં તો ડીમ્ડ-ટુ-બી અથવા ખાનગી યુનિવર્સિટીઓ છે.

## કેબિનેટમાં સોશિયલ મીડિયા પરફોર્મન્સની સમીક્ષા: પીએમ મોદી ટોપ પર

**કેન્દ્રીય** મંત્રીઓની સોશિયલ મીડિયા રીચ વધારવા મંથન

**નવી દિલ્હી, તા. 19 (PTI).** વડા પ્રધાન નરેન્દ્ર મોદી શીર્ષ સ્થાને હોવા સાથે કેન્દ્રીય મંત્રીઓની સોશિયલ મીડિયા પહોંચ અંગે બુધવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં ચર્ચા થઈ હતી. જેમાં મંત્રીઓને કહેવામાં આવ્યું હતું કે તેમના સંદેશાઓ વધુમાં વધુ લોકો સુધી, ખાસ કરીને યુવાનો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો ઝડપી બનાવે. તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કેબિનેટ મંત્રીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સના પરફોર્મન્સ સંબંધિત ડેટા શેર કરવામાં આવ્યો હતો, જેમાં વડા પ્રધાન રેન્કિંગ લિસ્ટમાં સૌથી ઉપર રહ્યા હતા.

આ બેઠકમાં મંત્રીઓની સોશિયલ મીડિયા પોસ્ટ્સની પહોંચ અંગે ચર્ચા કરવામાં આવી હતી, જ્યાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે, તેમના સંદેશાઓ વધુમાં વધુ લોકો, ખાસ કરીને યુવાનો સુધી પહોંચે તે માટે વધુ પ્રયાસો કરવા જોઈએ.

દેશના વિવિધ ભાગોમાં કથિત નીટ પેપર લીક વિરુદ્ધ વિરોધ પ્રદર્શનો વચ્ચે પીએમ મોદીએ ખુદ પણ આ પહેલાં સોશિયલ મીડિયા દ્વારા અનેક પ્રસંગોએ વિદ્યાર્થીઓનો સંપર્ક કર્યો છે.

તેમના સ્વતંત્રતા દિવસના સંબોધનમાં, વડા પ્રધાને મફત ઓનલાઈન કોચિંગ, એઆઈ સ્કિલિંગ પ્રોગ્રામ, સ્પોર્ટ્સ ટેલેન્ટ હંટ અને સિવિલ ડિફેન્સ નેટવર્કના વિસ્તરણ સહિત યુવા-કેન્દ્રીત પહેલોની શ્રેણીની જાહેરાત પણ કરી

...અનુસંધાન પાના 11 પર

### તા. ૨૦-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૪૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 33.૪ સે. | ૨૬.૬ સે. | ૭૧% |